## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "ઘાસચારાનું આયોજન" વિષે કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૨ થી ૪ માર્ચ, ૨૦૨૨ દરમ્યાન "નફાકારક ડેરી ઉધોગ અને પશુપાલન વ્યવસ્થાપન" કાર્યક્રમ અંતર્ગત 'ઘાસચારાનું આયોજન' વિષે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લીંબાલી ગામના ૪૦ પશુપાલક ભાઈઓ તથા બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. એ.સી. વૈદ્ય એ સર્વેનું શાબ્દિક સ્વાગત કરી આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યુ હતું. ત્યારબાદ ડૉ. શ્રીકાંત બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ સફળ પશુપાલન કરવા માટે આદર્શ પશુ રહેઠાણ, બાહ્ય તથા આંતરીક પરોપજીવીઓના ઉપદ્રવને અટકાવવાનાં પગલાં તથા પશુઓને દરરોજ નવડાવવા વિશેની તેમજ સ્વચ્છતા અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમના બીજા દિવસે શ્રીમતી એ. એન. જાદવ, પ્રોગ્રામ આસી. (હોમ સાયન્સ) એ દૂધનું પોષણ મૂલ્ય તેમજ તેની મૂલ્યવર્ધિત વાનગીઓ વિશે માહિતી આપી હતી. તેમજ ડૉ. શ્રીકાંત બી. કાટોલે દ્વારા આખા વર્ષ દરમિયાન લીલા ચારાનું આયોજન કેવી રીતે કરવું તેની વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમના ત્રીજા દિવસે લીલા ઘાસચારાનું મહત્વ તેમજ તેનાથી દૂધની ઉત્પાદકતા કઇ રીતે વધારવી તથા તેની ગુણવત્તા કઇ રીતે જાળવી રાખવી તે પણ સમજાવ્યુ હતુ તથા પશુપાલનમાં નવી ટેકનોલોજી વિશે પણ માહીતી આપી હતી. ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા અલગ-અલગ ઘાસચારા પાકો વિશે વિગતાવાર માહિતી આપી હતી. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન માન. કુલાપતિશ્રી, આકૃયુ, આણંદ, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ ડૉ.શ્રીકાંત બી. કાટોલે દ્વારા કરવામાં આવેલ હતુ.

# કાર્યક્રમની ઝાંખીઓ











